**મોડાસામાં ઉજવાશે "વૈદિક હોળી"**

# ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા પવિત્ર હોળી યજ્ઞ આયોજન હાથ ધરવામાં આવ્યું

## છઠ્ઠી માર્ચ, સોમવારે મોડાસામાં ઉજવાશે વૈદિક હોળી

બાયડ તા.૪

ભારતીય સંસ્કૃતિમાં પરંપરાગત ચાલી આવતા હોળીનો તહેવાર દરેક શહેર ગામેગામ મહોલ્લા શેરી કે સોસાયટીઓ વચ્ચે હોળી પ્રગટાવાય છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં ઋતુકાળના વાતાવરણને અનુરૂપ તહેવારોની ઉજવણી થતી આવી છે.તહેવારોની ઉજવણીમાં એકતા ,સામુહિકતા, નવિન ઉત્સાહ તેમજ આધ્યાત્મિક ભાવનાની સાથે સાથે ક્યાંક વૈજ્ઞાનિક તથ્ય છુપાયેલ હોય છે. શહેરો, ગામેગામ ઠેર ઠેર શેરી ,મહોલ્લા, સોસાયટી વચ્ચે હોળી પ્રગટાવાય છે. જેનાથી શિયાળાના સમાપન અને ઉનાળાની શરૂઆત વચ્ચે બે ઋતુના આ સમયમાં વાતાવરણમાં રહેલ જીવાણુંઓ નાશ પામી હવામાન શુદ્ધ થાય છે. રોગચાળાનો વધુ સામનો ના કરવો પડે તેવી સામુહિક આરોગ્યની વ્યવસ્થા બની શકે છે. ગાયત્રી પરિવારના અગ્રણી હરેશભાઈ કંસારાએ જણાવ્યાનુસાર મોડાસાના ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા આપણી સંસ્કૃતિના સાચા તથ્ય ને ઉજાગર કરવા હોળી પર વિશેષ પ્રયોગનું આયોજન કરવામાં આવેલ છે. જે "વૈદિક હોળી" ના નામે હોળી પ્રગટાવી ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં વિશેષ મંત્રોચ્ચાર સાથે કર્મકાંડ પૂજન સહિત હોળી યજ્ઞ કરવામાં આવશે. આમ તો વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ ઠેર ઠેર હોળી પ્રગટાવાય છે. પરંતુ હાલની સ્થિતિમાં આ હોળીમાં ઘણીવાર છોકરાઓ મૂળ તથ્ય ને ભૂલી હશી મઝાકમાં પર્યાવરણને નુકસાન થઈ શકે તેવા પદાર્થો, કચરો, પ્લાસ્ટીકની કોથળીઓ જેવી ચીજ વસ્તુઓ પણ ક્યારેક હોમી દેતા હોય છે. જેથી વાયુ દૂષિત થઈ પર્યાવરણ બગાડે છે. જેથી આપણી મૂળ પરંપરા જાગૃત થાય તેમ પ્રયાસ રુપે ગાયત્રી ચેતના કેન્દ્ર આગળ શુદ્ધ અને પવિત્ર વૈદિક હોળીનું આયોજન કરવામાં આવેલ છે. આ વૈદિક હોળી યજ્ઞમાં ગાયના છાણાંમાંથી બનાવેલ ગૌ કાષ્ટ, ગાયનું ઘી, ગાયના છાણાં-ઓરાયા, આંબો, પીપળી, વડ, ખેર, ઉમરો, ખાખરો ,બીલી જેવાં વૃક્ષોની સમિધાઓ, સાત પ્રકારના ધાન્ય, ગુગળ , ઈલાયચી, લવિંગ, કપૂર, શ્રીફળો તેમજ હિમાલયની જડીબુટ્ટીઓ યુક્ત હવન સામગ્રી આ વૈદિક હોળીમાં હોમવામાં આવશે. ગાયત્રી ચેતના કેન્દ્રની જીપીવાયજી યુવા ટીમે ઉત્સાહભેર આ વિશેષ વૈદિક હોળીનું આયોજન હાથ ધરેલ છે. જે છઠ્ઠી માર્ચ સોમવારે સાંજે ગાયત્રી ચેતના કેન્દ્ર સામેના મેદાનમાં આયોજન કરવામાં આવેલ છે. જેમાં કોઈ પણ ભેદભાવ સિવાય દરેક વ્યકિત માનવમાત્ર લાભ લઈ શકશે. આપણી સંસ્કૃતિના મૂળ મૂલ્યોને ઉજાગર કરી સૌને પવિત્ર હોળીના મહત્વની પ્રેરણા મલી શકે તેવી પવિત્ર ભાવનાથી આ વૈદિક હોળી મનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.




**વિશ્વ વન્ય જીવન દિવસની ઉજવણી**

# સાબરકાંઠામાં દિપડા, રીંછની સંખ્યામાં વધારો પરંતુ સુરક્ષા હજુ પણ અદ્ધરતાલ

## ખોરાક પાણીની શોધમાં વન્ય પ્રાણીઓ હિંસક બની માનવ વસતીમાં ઘૂસવા લાગ્યા

બાયડ, તા.૦૪

ગત રોજ વિશ્વ વન્ય જીવન દિવસની ઉજવણી કરવામાં આવી.



સાબરકાંઠા જિલ્લાની ૭ રેન્જના ૮૧૫.૧૩ ચોરસ કિલોમીટર વિસ્તારમાં જંગલ વિસ્તાર પથરાયેલો છે. ત્યારે સરકાર અને તેનો વન વિભાગ વન્ય પ્રાણીઓને ઉત્તમ સુરક્ષા આપવામાં હજુ પણ નિષ્ફળ પૂરવાર થઈ રહ્યો છે. પૂરતા પ્રમાણમાં ખોરાક અને પ્રાણી ન મળતાં વન્ય પ્રાણીઓ હિંસક બની માનવ વસતી ઘુસવા લાગ્યાના અનેક બનાવો નોંધાયા છે. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં વિશ્વ વન્ય જીવન દિવસની ઉજવણી થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લો ખાસ કરીને પૂર્વ પટ્ટામાં જંગલ વિસ્તારથી ઘેરાયેલો છે. ચોમાસા દરમ્યાન વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા વિસ્તાર સેમી કાશ્મીર જેવો બની રહેતો હોય છે અને વિજયનગરના અનેક સ્થળો દૂર દૂરથી સહેલાણીઓને ખેંચી લાવવામાં સમર્થ પૂરવાર થયા છે. આ વિસ્તારમાં અનેક વન્ય પ્રાણીઓનો વસવાટ છે. પરંતુ સતત વન્ય વિસ્તાર ઘટતો હોવાથી વન્ય પ્રાણીઓ ખોરાક અને પાણીની શોધમાં માનવ વસાહત સુધી પહોંચવા લાગ્યા છે. પર્યાવરણની જાળવણી માટે જંગલ વિસ્તાર વધારવો જરુરી છે પરંતુ અહીંયાં તો જંગલોનું નિકંદન નિકળી રહ્યું છે. તા.૩ માર્ચના રોજ વિશ્વ વન્ય જીવન દિવસની ઉજવણી થઈ પરંતુ આખે આખો વિભાગ ઉદાસ જોવા મળ્યો. જિલ્લાના જંગલ વિસ્તારમાં ૭૧૪ જેટલા વન્ય પ્રાણીઓ છેલ્લી વસતી ગણતરી પ્રમાણે નોંધાયેલા છે. અગાઉ ૪૧૩ વન્ય પ્રાણીઓ નોંધાયા હતા. જિલ્લામાં દિપડા, રીંછ સહિતના વન્ય જીવોની સંખ્યામાં વધારો થયો છે પરંતુ રાજ્ય સરકારે આ વિસ્તારોમાં મોટા અભ્યારણો ઉભા થાય તે પ્રકારે વિકાસનું આયોજન કરવું જરુરી છે.

**સાબરકાંઠા જિલ્લામાં વન્ય પ્રાણીઓ**

| સંખ્યા | પ્રાણી |
|---|---|
| દિપડા | ૩૦ |
| રીંછ | ૫૮ |
| અન્ય | ૬૫૮ |

**જંગલ જમીનોમાં દબાણ વધ્યું**

જિલ્લાના ધોલવાણી, વિજયનગર રેન્જ વિસ્તારમાં જંગલની જમીનો ઉપર અનેક લોકોએ દબાણ કર્યું છે. કોર્ટના આદેશ મુજબ કેટલાક દબાણો દૂર થયા પરંતુ ગણતરીના દિવસોમાં ફરીથી દબાણ થઈ ગયા છે. જિલ્લામાં વન્ય પ્રાણીઓ માટે વસવાટ કરવા સમાન જંગલ વિસ્તાર ઉપર દબાણ વધતાં સતત જંગલ વિસ્તાર ઘટી રહ્યો છે.

# આફતની આગાહીઃ બનાસકાંઠામાં ૫ અને ૬ માર્ચે કમોસમી વરસાદ

**આગાહીના પગલે માર્કેટ યાર્ડને એલર્ટ કરાયાઃ ખુલ્લામાં પડેલા અનાજને સલામત સ્થળે રાખવા સૂચના**

પાલનપુર તા.૪



સરહદી બનાસકાંઠા જિલ્લામાં ફરીએકવાર આફતની આગાહીને લઈને ખેડૂતો ચિંતાતુર બન્યા છે. તો વળી કમોસમી વરસાદની આગાહીને લઈ ડિઝાસ્ટર વિભાગ પણ એલર્ટ બન્યું છે. ૫ અને ૬ માર્ચ બે દિવસ બનાસકાંઠામાં કમોસમી વરસાદની આગાહીના પગલે ડિઝાસ્ટર વિભાગે તમામ માર્કેટયાર્ડને ખુલ્લામાં રાખેલો માલ પલળી ન જાય તેની તકેદારી રાખવાની સૂચનાઓ આપવામાં આવી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે,સરહદી બનાસકાંઠા જિલ્લામાં ડિઝાસ્ટર વિભાગ દ્વારા આગામી ૫ અને ૬ માર્ચે કમોસમી વરસાદની આગાહીને લઈ સાવચેતીના પગલાં લેવા સૂચના પત્ર જાહેર કર્યો છે. જેમાં ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગરના ૧ માર્ચ ૨૦૨૩ ના ઈમેલ પત્રની વિગતે બનાસકાંઠા જિલ્લાના ૫ અને ૬ માર્ચ ના કમોસમી વરસાદની આગાહી હોઈ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં ખુલ્લા રાખવામાં આવેલ અનાજ તેમજ ખુલ્લા રાખવામાં આવેલ અનાજની બોરીઓ વરસાદથી પલળીને અનાજ બગડી ન જાય તેની સાવચેતી રાખવા તમામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સબ સેન્ટરોમાં તેમજ અનાજ ભરેલી બોરીઓ પરિવહન દરમિયાન પલળી ન જાય તે અંગેની સુચના ડિઝાસ્ટર વિભાગ દ્વારા આપવામાં આવી છે.


**ઉત્તરનો પવન રહે તો ધાન્ય ઘણું પાકશે**

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હોળીના પવનની દીશાને આધારે વર્ષની આગાહી થશે

## પૂર્વ દીશા તરફ પવન રહે તો બાર આની વર્ષ, પશ્ચિમ તરફ રહે તો આઠ આની ચોમાસુ

બાયડ, તા.૦૪

આગામી તા.૬ માર્ચના રોજ હોળી પર્વની ઉજવણી થવાની છે ત્યારે તા. ૬ કે ૭ ના રોજ હોળી ઉજવવી તેને લઈને અવઢવ ચાલી રહી છે. જ્યોતિષીઓ પોતાના અલગ અલગ મત વ્યક્ત કરી રહ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગામે ગામ હોળી પ્રગટાવવામાં આવશે અને સમી સાંજથી રાત્રિ દરમ્યાન હોળીના પવનના આધારે વર્ષ કેવું રહેશે તેની આગાહી થતી હોય છે જે મુજબ ઉત્તરનો પવન રહે તો ધાન્ય ઘણું પાકી શકે છે અને વાયવ્યમાં રહે તો પવન સાથે વરસાદ તેમજ હોળીની જાળ ઉપર ને ઉપર જાય તો યુદ્ધ અને લડાઈની સંભાવના પણ વ્યક્ત થઈ છે. આજે પણ અનેક ગામડાઓમાં હોળી પ્રગટાવવા સમયે આગામી વર્ષ કેવું રહેશે તેની સચોટ આગાહી કરવામાં આવે છે. કેટલાક ગામમાં હોળી પ્રગટાવવાની હોય તે સ્થળે ખાદો ખોડી તેમાં માટીનો ઘડો મૂકી ધાન્ય મૂકવામાં આવશે છે અને ધાન્ય કેટલું શેકાયું તેના આધારે પાક માટે વર્ષ કેવું રહેશે તેનું ગણિત મંડાય છે. જ્યારે આજે પણ હોળીના પવનના આધારે વર્ષ અંગેની આગોતરી આગાહી કરાય છે. મોટાભાગે તે આગાહી સાચી ઠરતી હોય છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જ્યોતિષીઓએ કાઢેલા શુભ મૂહર્તમાં તા. ૬ના રોજ સમી સાંજથી હોળી પ્રગટાવવામાં આવશે અને તેની ઝરોળ(પવન)ના આધારે વર્ષ કેવું રહેશે તેની આગાહી થશે. જો હોળીનો પવન દક્ષિણ તરફ જાય તો અછત, નૈઋત્ય તરફ જાય તો રોગ, જીવાતનો ઉપદ્રવ અને ઈશાન તરફ જાય તો સોળ આની વર્ષ રહેવાની પણ આગાહી કરવામાં આવી છે.




**બનાસકાંઠા જિલ્લામાં બોર્ડની પરીક્ષામાં**

# વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારના ભય કે તણાવમુક્ત પરીક્ષા આપી શકે તે માટે કાઉન્સેલરોની નિમણુંક કરાઈ

## નિષ્ણાંત અધિકારીઓ, આચાર્યો અને ડૉક્ટરો કાઉન્સેલર તરીકે સેવા આપશેઃ તેમના મોબાઇલ નંબર પર સંપર્ક કરી મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરી શકાશે

પાલનપુર તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા આગામી તા.૧૪-૦૩-૨૦૨૩ થી તા.૨૯-૦૩-૨૦૨૩ એસ.એસ.સી. તથા એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ/ વિજ્ઞાન પ્રવાહ) ની જાહેર પરીક્ષા યોજાનાર છે. વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારના ભય કે તણાવમુક્ત પરીક્ષા આપી શકે તેમજ તેમને મુંઝવતા પરીક્ષાલક્ષી પ્રશ્નોનું માર્ગદર્શન મળી રહે તે માટે જિલ્લામાં નીચે જણાવ્યા મુજબના અધિકારીશ્રીઓ, આચાર્યશ્રીઓ, ડૉકટરશ્રીઓ કાઉન્સેલર તરીકે સેવા આપનાર છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે , તેમના મોબાઈલ નંબર પર નીચે દર્શાવેલ સમય પર સંપર્ક કરી વિદ્યાર્થીઓ કાઉન્સેલીંગ અને માર્ગદર્શન મેળવી શકે છે. કાઉન્સેલર તરીકે શ્રી બી. કે. ત્રિવેદી- નિવૃત્ત નાયબ નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર મો. ૯૯૭૮૪૪૨૩૩૧ ઉપર બપોરે-૨.૦૦ થી ૫.૦૦, ડૉ.સુરેન્દ્ર ગુપ્તા- કન્સલ્ટીંગ ફિજિશિયન એન્ડ સોશિયલ રીફોર્મર મો. ૯૮૨૪૧૩૫૪૫૯ ઉપર સવારે-૭.૩૦ થી ૯.૩૦ અને રાત્રે-૯.૦૦ થી ૧૦, ડૉ. કલ્પેશ જે. પટેલ– એમ.ડી. (સાયકિયાટ્રી) મો. ૯૪૨૮૬૭૬૪૧૭ ઉપર બપોરે-૨.૦૦ થી ૬.૦૦, ડૉ.કંદર્પ જે.બ્રહ્મભટ્ટ- એમ.ડી. (સાયકિયાટ્રી) મો.૯૭૧૨૯૮૪૦૭૯/ ૭૫૬૭૦૫૬૭૯૮ ઉપર સાંજે-૫.૦૦ થી ૮.૦૦, ડૉ. નિશાંત એ. સૈની- એમ.ડી. (સાયકિયાટ્રી) મો.૯૪૨૯૯૨૨૦૬૬/ ૯૦૧૬૮૭૩૭૯૮/ ૮૪૬૦૭૩૯૪૬૬ ઉપર સાંજે ૬.૦૦ થી ૮.૦૦, શ્રી કિરણભાઈ રાવલ- નિવૃત્ત આચાર્યશ્રી એમ.બી.કર્ણાવત હાઈસ્કૂલ, પાલનપુર ઉપર ૯૪૨૭૩૦૯૫૬૫ ઉપર સવારે-૧૦.૦૦ થી ૫.૦૦, શ્રી ભૂરાભાઈ પટેલ- આચાર્યશ્રી મોડેલ સ્કૂલ, ધાનેરા મો.૯૫૭૪૪૦૯૧૪૫ ઉપર સવારે-૧૦.૦૦ થી ૫.૦૦, શ્રી રાકેશભાઈ કે. પ્રજાપતિ- અચાર્યશ્રી રીહેન એચ. મહેતા હાઈસ્કૂલ માંકડી મો.૯૪૨૯૦૨૩૫૬૯ ઉપર સવારે-૧૦.૦૦ થી ૫.૦૦, શ્રી મયુરભાઈ જોષી- આચાર્યશ્રી શારદાશિષ હાઈસ્કૂલ, છાપી મો. ૯૪૨૭૬૪૮૫૪૯ ઉપર સવારે-૧૦.૦૦ થી ૫.૦૦, શ્રી આર.વી.પટેલ- આચાર્યશ્રી ગાયત્રી વિદ્યાલય થરાદ મો.૯૮૨૫૫૭૮૦૭૫ ઉપર સવારે-૧૦.૦૦ થી ૫.૦૦, શ્રી કે.પી.રાજપૂત- આચાર્યશ્રી, ડી.એન.જે. આદર્શ હાઈસ્કૂલ ડીસા મો. ૯૭૨૭૮૯૬૩૦૦૫ ઉપર સવારે-૧૦.૦૦ થી ૫.૦૦ વાગ્યા દરમિયાન તેમનો સંપર્ક કરીને માહિતી અને માર્ગદર્શન મેળવી શકાશે તેમ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બનાસકાંઠા, પાલનપુરની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# તલોદ શ્રીનાથજી હવેલી ખાતે આજે હોલી કે રસિયા મનોરથ યોજાશે

તલોદ તા ૪

શ્રીનાથજી હવેલી અને સર્વમંગલા દેવી ટ્રસ્ટ તલોદ સંચાલીત શ્રીનાથજી હવેલી ખાતે આવેલ ગિરિરાજજી સન્મુખ આજે બપોરે ત્રણ કલાક થી આ મનોરથ નો પ્રારંભ થશે હોળીકે રસિયા તેમજ ફૂલફાગ મનોરથ નુ આયોજન કરવામા આવેલ છે અસારવા બેઠક થી દાઉજી રસિયા વ્રજ મંડળ ના ધીરજ ગુરૂ ના કંઠેથી હોલી કે રસિયા મનોરથ નુ રસપાન કરાવશે મનોરથ બાદ મહાપ્રસાદ નુ આયોજન કરવામા આવેલ છે મનોરથ નો બહોળા પ્રમાણમાં લાભ લેવા માટે તલોદ હવેલી ના પ્રમુખ ભાલચંદ્ર મોદી અને ટ્રસ્ટી મહેશ ભાઈ ગાંધી એ એક નિવેદનમાં જણાવ્યું છે

# પ્રાંતિજ શેઠ.પીએન્ડ આર પ્રાથમિક વિભાગમાં રંગારંગ કાર્યક્રમ 'ખિલખિલાટ'નું સુંદર આયોજન







પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલ સ્વ.નિર્ભર વિભાગ મા તારીખ ચાર માર્ચ ના રોજ વાર્ષિક એન્યુઅલ ફંકશનનુ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજ નગરપાલિકા સંચાલિત શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલ ના પ્રાથમિક વિભાગ મા દરવર્ષ ની જેમ આ વર્ષેપણ વાર્ષિકોત્સવ રંગારંગ અંતર્ગત " ખિલખિલાટ " કાર્યક્રમ યોજાયો હતો જેમા પ્રાથમિક વિભાગ ના આચાર્ય હિરેનભાઈ શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમ મા પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા , મહંત સુનીલદાસજી મહારાજ, ભૃગવેન્દ્રસિંહ કુંપાવત , પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ પરમાર, ગીરીશભાઈ પટેલ, નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, નિકુલભાઈ રામી, રાજેશભાઈ ટેકવાણી , સંદીપ ભાઈ શાહ, મીઠાભાઈ પટેલ , વગેરે ઉપસ્થિત રહ્યા હતા તો કાર્યક્રમ અંતર્ગત એકથીએક ચડિયાતા પરફોર્મન્સ રજુકરી ને બાળકોને દર્શકોના દિલજીતી લીધા હતા ડાન્સ , પિરામિડ, દેશભકિત ગીતો, માની મમતા ના ગીત , કોરોના કાળના હદય સ્પર્શી દ્રશ્યો નો ચિતાર ગીત દ્વારા રજુઆત કરી ને બાળકોએ તેમનામા રહેલ અદભૂત શકિતનો પરિચય કરાવ્યો હતો ત્યારે કોરોના કાળમા વસમી વિદાય લઈ ચુકેલા સ્નેહીજનો માટે કેટલાક દર્શકોની આંખો માં ઝળઝળીયા જોવા મળ્યા હતા આત્મ નિર્ભર પ્રાથમિક વિભાગ ના આચાર્ય હિરેનભાઈ શાહ તેમજ તેમના સ્ટાફ ને મંચસ્થ મહાનુભાવોએ આવો સુંદર કાર્યક્રમ નુ આયોજન કરવા બદલ અભિનંદન આપ્યા અને શાળા પરિવાર ના સાલિયાબેન તેમજ હિનાબેને બાળકોને પર ફોમન્સ આપવા ખુબજ જહેમત ઉઠાવીને તૈયાર કર્યા હતા તો દર્શકો અને મંચસ્થ મહાનુભાવોએ દરેક પરફોર્મન્સ નીહાળીને દાનની વર્ષા વરસાવી હતી તો બાળકો ને વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમા વિજય થયેલ બાળકોને ઉપસ્થિત મહેમાનોના હસ્તે ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા તો સમગ્ર કાર્યક્રમ નુ સુંદર એલાઉન્સમેન્ટ મહેન્દ્ર ભાઈ પ્રજાપતિ દ્વારા કરવામા આવ્યુ હતો.

# પ્રાંતિજ સંસ્કાર વિદ્યાલય ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમ સાથે વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો






પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતેઆવેલ સંસ્કાર વિધાલય ખાતે ધોરણ-૧૦ ના વિધાર્થીઓનો વિદાય સમારંભ તથા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ નાનીભાગોળ વેરાઈમાતા મંદિર પાસે આવેલ સંસ્કાર વિધાલય ખાતે શાળા પરિવાર દ્વારા શાળા માં અભ્યાસ કરતા ધોરણ-૧૦ ના વિધાર્થીઓનો શાળા પરિવાર દ્વારા વિદાય સમારંભ નું આયોજન કરવામાં આવ્યું હતું તો શાળાના વિદ્યાર્થીઓએ વર્ષ દરમ્યાન વિવિધ રમતો સહિત વિવિધ કાર્યકમો મા ભાગ લઈ વિજય થયેલ વિધાર્થીઓને આજે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા જયારે શાળા પરિવાર દ્વારા વિદાયલઈ રહેલ વિધાર્થીઓને આવનાર બોર્ડ ની પરીક્ષા ને લઈને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી તો આ પ્રસંગે શાળા ના આચાર્ય અબ્દુલ્લાહ એ.વ્હોરા તથા શાળા પરિવાર સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું

# પ્રાંતિજના ચંચળબાનગર પાસે બુલેટ અને રીક્ષા વચ્ચે અકસ્માત







પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ચંચળબાનગર પાસે ઈડર થી અમદાવાદ બુલેટ લઈ ને જઈ રહેલ યુવતી ને અકસ્માત નડયો યુજાગસ્ત યુવતીને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામા આવી. અમદાવાદ હિંમતનગર નેશનલ હાઈવેઆઠ પ્રાંતિજ ના ચંચળબાનગર પાસે બપોર ના ૩ કલાકે ઈડર થી અમદાવાદ બુલેટ નંબર ય્ન૩૧ઊઁ૭૫૨૨ લઈ ને નિકળેલ યુવતીને પ્રાંતિજ ના ચંચળબાનગર પાસે અકસ્માત નડયો હતો જેમા પ્રાંતિજ થી પોગલુ જતી રીક્ષા ય્ન૧૮છેં ૨૪૦૯ સાથે ધડાકાભેર અથડાઈ હતી જેમા બુલેટ ઉપર જઈ રહેલ ઈડર ની યુવતીને ઈજાઓ પોહચી હતી તો રીક્ષા ચાલક ને પણ ઈજાઓ પોહચી હતી તો અકસ્માત ને લઈ ને આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા અને દોડી આવેલ લોકો માંથી ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને ૧૦૮ મારફતે ઈજાગ્રસ્ત ઈડર ની યુવતી ને પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવી હતી.